# PRADHAN MANTRI JEEVAN JYOTI BIMA YOJANA – CLAIM FORM

(to be completed by the Claimant & Bank)

## પ્રધાન મંત્રી જીવન જ્યોતિ બીમા યોજના-દાવાપત્રક

(દાવેદાર અને બૅન્કે ભરવું)

1. સ્કીમનું નામઃ પ્રધાન મંત્રી જીવન જ્યોતિ બીમા યોજના
2. પૉલિસી નં.:
3. બૅન્કનું પૂરું નામ અને સરનામુંઃ
4. મૃત્યુ પામનાર મૅમ્બરનું નામ :
5. મૃત્યુ પામનાર મૅમ્બરનો સેવિંગ્સ બૅન્ક ઍકાઉન્ટ નં. :
6. મૃત્યુ પામનારનો આધાર નં. (જો હોય તો)
7. મૅમ્બર દ્વારા સ્કીમમાં પ્રવેશની તારીખઃ
8. મૅમ્બરના મૃત્યુની તારીખ :
9. મૃત્યુનું કારણ :
10. નામિતનું નામ* :
11. નામિતનું સગપણ :
12. નામિતનું સરનામું :
13. નામિતનો મોબાઇલ નં. :
14. આધાર નં. જો હોય તો :
15. નામિતના સેવિંગ્સ બૅન્ક ઍકાઉન્ટ નંબરની વિગતોઃ

આઇએફએસસી કોડઃ                                        સેવિંગ્સ બૅન્ક ઍકાઉન્ટ નં.:

---

અમે આ સાથે જાહેર કરીએ છીએ કે ઉપરોક્ત તમામ સવાલોના જવાબો દરેક પ્રકારે સાચા છે અને ઉપરોક્ત મૅમ્બર માટે પ્રધાન મંત્રી જીવન જ્યોતિ બીમા યોજના હેઠળ એકમાત્ર દાવો કરવામાં આવ્યો છે. અમે ડિસ્ચાર્જ કરેલા ફૉર્મ સાથે મૅમ્બરના મૃત્યુના પુરાવા તરીકે **ડેથ સર્ટિફિકેટ** બિડી રહ્યા છીએ.

*જો નામિત સગીર હોય તો એવા કિસ્સામાં વાલી/નિયુક્ત વ્યક્તિ દાવાપત્રક ભરી શકે છે.

______________________________

(નામિત*/દાવેદારના હસ્તાક્ષર)

અમે આ સાથે સ્પષ્ટ કરીએ છીએ કે ઉપરોક્ત મૅમ્બર પીએમજેજેબીવાય સ્કીમ હેઠળ સુરક્ષા કવચ ધરાવતો હતો અને મૃત્યુ પહેલાં રિન્યૂઅલની તારીખ પર એના બૅન્ક ઍકાઉન્ટમાંથી પ્રીમિયમ ઉધારવામાં આવ્યું હતું અને ______________________ (વીમા કંપનીનું નામ) રેમિટ કરવામાં આવ્યું હતું. અમે એ પણ પ્રમાણિત કરીએ છીએ કે અમારા રેકૉર્ડ મુજબ, શ્રી/શ્રીમતી ______________________________ ઉક્ત સ્કીમ માટે ઉપરોક્ત વીમિત મૅમ્બરના નામિત છે.

સ્થળ ________________________

તારીખઃ _______________

(બૅન્કના અધિકૃત અધિકારીના હસ્તાક્ષર)

| મહોર |
|---|

સંલગ્ન : ડેથ સર્ટિફિકેટ અને ડિસ્ચાર્જ ફૉર્મ.

# પીએમજેજેબીવાય સ્કીમ હેઠળ ડિસ્ચાજ રસીદ

પૉલિસી નં. :

બૅન્કનું નામ :

હું/અમે.____________________ આ સાથે ____________________ (વીમા કંપનીનું નામ) પાસેથી સંપૂર્ણ સંતોષ સાથે ₹ 2,00,000 (રૂ. બે લાખ પૂરા) મળ્યાનું કબૂલ કરીએ છીએ અને સેવિંગ્સ ઍકાઉન્ટ નં. ____________________ હેઠળ આ સ્કીમ અન્વયે મેળવેલા સુરક્ષા કવચમાં, શ્રી/શ્રીમતી/કુ. ________________________ ના જીવન પરની ઉપરોક્ત પૉલિસી હેઠળ અમારા તમામ દાવા/ઓને ડિસ્ચાર્જ કરીએ છીએ.

તારીખ __________ મહિનો __________20__________

સાક્ષીઃ ____________________

____________________

____________________

| રૅવેન્યૂ સ્ટૅમ્પ |
|---|

____________________

(નામિત*/દાવેદારના હસ્તાક્ષર)

---

નામિત/નિયુક્ત વ્યક્તિની વિગતો (જો નામિત સગીર હોય તો એવા કિસ્સામાં) :

નામ : ____________________

મોબાઈલ નં. : ____________________ ઈ–મેલ આઈડી :

આધાર નંબર (જો હોય તો) : ____________________

બૅન્ક ઍકાઉન્ટ નં. : ____________________

બૅન્કનું નામ : ____________________ શાખાઃ ____________________

સરનામું : ____________________

____________________

આઈએફએસીસી કોડ : ____________________

**[કૅન્સલ કરેલા ચેકની નકલ બિડો (જો હોય તો)]**

*જો નામિત સગીર હોય તો એવા કિસ્સામાં વાલી/નિયુક્ત વ્યક્તિ દાવાપત્રક ભરી શકે છે.

____________________

(નામિત*/દાવેદારના હસ્તાક્ષર)

# પીએમજેજેબીવાય હેઠળ દાવાની પતાવટની પ્રક્રિયા

મેમ્બરનું મૃત્યુ થવા પર એના નામિત(તો)ને ₹ 2,00,000/-ની દાવાની રકમ ચૂકવવાપાત્ર છે. જોખમનું સુરક્ષા કવચ વ્યક્તિને એની 18 વર્ષ (પૂરા થવા પર)થી લઇને એ વાર્ષિક રિન્યૂઅલ તારીખના રોજ 55 વર્ષની થાય (નજીકનો જન્મદિવસ) ત્યાં સુધી પૂરું પાડવામાં આવશે. અર્થાત્ 55 વર્ષ (નજીકનો જન્મદિવસ) બેસતાંની સાથે જ અથવા બેંકમાં એકાઉન્ટ બંધ કરાવવા પર અથવા વીમાને ચાલુ રાખવા માટે અપૂરતું બેલેન્સ હોવા પર યોગ્યતા સ્થગિત થશે.

સંબંધિત વીમા કંપનીની નિર્ધારિત ઑફિસ દ્વારા ₹ 2,00,000/-ના મૃત્યુના દાવાની પતાવટ થશે. નીચે મુજબની પ્રક્રિયાને અનુસરાશેઃ

નામિત દ્વારા લેવાં જોઇતાં પગલાંઃ

1. મેમ્બરે પીએમજેજેબીવાય હેઠળ જે 'સેવિંગ્સ બેંક એકાઉન્ટ' મારફત સુરક્ષા કવચ મેળવ્યું હોય એ બેંકના નામિતે મેમ્બરના ડેથ સર્ટિફિકેટ સાથે સંપર્ક કરવો પડશે.
2. નામિતે દાવાપત્રક મેળવવું પડશે અને બેંકમાંથી અથવા નિર્ધારિત વેબસાઇટો સહિત અન્ય સ્રોતો જેવા કે વીમા કંપનીની શાખાઓ, હૉસ્પિટલો, PHCs, BCs, વીમા એજન્ટો વગેરેમાંથી રસીદ ડિસ્ચાર્જ કરાવવી પડશે. સંબંધિત વીમા કંપનીઓ આવાં બધાં જ સ્થળોએ ફૉર્મ્સ ઉપલબ્ધ થશે એની ખાતરી કરાવશે. વિનંતી કરવા પર કોઇ પણ વ્યક્તિને આ ફૉર્મની આપૂર્તિ માટે મનાઇ નહીં કરી શકાય.
3. નામિતે પૂરેપૂરું ભરેલું દાવાપત્રક, ડિસ્ચાર્જ રસીદ, નામિતના બેંક એકાઉન્ટ (જો હોય તો)ના કેન્સલ કરેલા ચેકની ફોટોકૉપી સહિત ડેથ સર્ટિફિકેટ અથવા પીએમજેજેબીવાય હેઠળ મેળવેલા સુરક્ષા કવચ જે 'સેવિંગ્સ બેંક એકાઉન્ટ' મારફત મેળવ્યુ હોય એ બેંકના બેંક એકાઉન્ટની વિગતો આપવી પડશે.

બેંક દ્વારા લેવાં જોઇતાં પગલાંઃ

1. મૃત્યુની જાણકારી મેળવવા પર બેંકે એ તપાસી લેવું જોઇએ કે મૃત્યુની તારીખ પર ઉક્ત મેમ્બરનું સુરક્ષા કવચ ચાલુ છે કે નહીં, અર્થાત્ વાર્ષિક રિન્યૂઅલ તારીખ એટલે કે 1લી જૂનના રોજ ઉક્ત સુરક્ષા કવચ માટેનું પ્રીમિયમ કપાયું હતું અને મેમ્બરના મૃત્યુ પહેલાં સંબંધિત વીમા કંપનીને રેમિટ કરાયું હતું.
2. બેંકે દાવાપત્રક અને નામિતની વિગતોને એમની પાસે ઉપલબ્ધ રેકૉર્ડમાંથી તપાસવી જોઇએ અને દાવાપત્રકની સંબંધિત કોલમોને ભરવી જોઇએ.
3. બેંકે સંબંધિત વીમા કંપનીની નિર્ધારિત ઑફિસમાં નિમ્ન દસ્તાવેજો જમા કરાવવાઃ

   એ. પૂરેપૂરું ભરેલું દાવાપત્રક

   બી. ડેથ સર્ટિફિકેટ

   સી. ડિસ્ચાર્જ રસીદ

   ડી. નામિતના કેન્સલ કરેલા ચેકની ફોટોકૉપી (જો હોય તો)
4. બેંકે વીમા કંપનીને પૂરેપૂરાં ભરેલા દાવાપત્રકને મોકલી આપવાની અધિકતમ સમય મર્યાદા દાવાને જમા કરાવવાથી લઇને ત્રીસ દિવસ છે.

વીમા કંપનીની નિર્ધારિત ઑફિસ ખાતે લેવાં જોઇતાં પગલાંઃ

1. તપાસી જુઓ કે દરેક રીતે દાવાપત્રકને પૂરેપૂરું ભરવામાં આવ્યું છે અને સંબંધિત તમામ દસ્તાવેજો બિડવામાં આવ્યા છે. જો ના બિડ્યા હોય તો સંબંધિત બૅન્કેને એની જાણ કરો.
2. જો દાવો માન્ય કરવોને પાત્ર હોય તો ઇન્શ્યૉરરની નિર્ધારિત ઑફિસે તપાસી જોવું કે મૅમ્બરનું સુરક્ષા કવચ ચાલુ છે અને મૃત્યુના દાવાની પતાવટ કોઇ અન્ય ઍકાઉન્ટ મારફતે મૅમ્બર માટે કરવામાં નથી આવી. જો કોઇ દાવાની પતાવટ કરવામાં આવી હોય તો બૅન્કને માર્ક કરેલી કૉપી સાથે નામિતને તદ્અનુસાર જાણ કરવી.
3. જો સુરક્ષા કવચ ચાલુ હોય અને ઉક્ત મૅમ્બર માટે કોઈ દાવાની પતાવટ કરવામાં ના આવી હોય તો નામિતના બૅન્ક ઍકાઉન્ટને પેમેન્ટ રિલીઝ કરાશે અને બૅન્કને માર્ક કરેલી કૉપી સાથે કૉમ્યુનિકેશનને નામિતને મોકલી અપાશે.
4. વીમા કંપની માટે દાવાને મંજૂર કરવાની અને નાણાં વિતરિત કરવા માટેની અધિકતમ સમયસીમા બૅન્ક તરફથી દાવાની પ્રાપ્તિથી ત્રીસ દિવસ છે.

જો દાવેદાર દ્વારા ઇન્શ્યૉરરની કોઇ ઑફિસને દાવાપત્રક સીધું જ જમા કરાવવામાં આવે તો ઇન્શ્યૉરરની ઑફિસ તરત જ એને આવશ્યક વેરિફિકેશન વગેરે મેળવવા માટે મૃતક ઍકાઉન્ટધારકની સંબંધિત બૅન્કને ફૉરવર્ડ કરશે. બૅન્કની સંબંધિત શાખા દાવાના પ્રોસેસિંગ માટે દાવાપત્રકે વીમા કંપનીની નિર્ધારિત ઑફિસને ફૉરવર્ડ કરશે.

*********